**<u>ભાવનગરનાં મહે. આઠમાં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં , મુ.ભાવનગર</u>**
**ક્રિમીનલ કેસ નં.૭૨૦૬/૨૦૨૬**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧) ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ Gujarat Prohibition Act, 1949 ની કલમ 65 (A) (A) ના ગુન્હા અંગે ચાર્જશીટ કરેલ છે.

૨) ત્યારબાદ, આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર થઇ, પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાતરી કરી, હાલની પુરશીષ રજુ કરી આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલી છે. તેમજ આરોપીએ હાલની ગુન્હા કબુલાતની પુરશીષ રજુ કરીને, ઓછામા ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનુ જણાવેલ છે. આરોપી ગુન્હો કબુલ કરવા માટે બંધાયેલા નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતા પણ આરોપી સ્વેચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોઈ કબુલાતની પુરશીષ દાખલ કરવામા આવી છે.

૩) આરોપી સામે Gujarat Prohibition Act, 1949 ની કલમ 65 (A) (A) મુજબના સામાન્ય ગુન્હાનુ તહોમત છે. તેમજ આરોપીની ગુના સબબની કબુલાત પુરશીષ વંચાણે લેતા તેમા જણાવેલ કારણોને ધ્યાને લેતા આરોપી ગરીબ અને મધ્યમ વર્ગની પરીસ્થીતીના માણસ જણાય છે. તેમજ તેઓના તરફે રજુઆત કરવામા આવેલ છે કે તે કુટુંબમા એક માત્ર કમાનાર વ્યક્તિ છે. સંતાનોની ભરણ પોષણની જવાબદારી પાર પાડવી તેમના શીરે છે. તેમના જણાવ્યા પ્રમાણે તેઓ ખુબજ ગરીબ પરીસ્થીતી ધરાવતા ઈસમ છે અને ભારી દંડની રકમ ભરવા તેઓ સક્ષમ નથી. તેમજ આરોપીએ ગુન્હો કર્યાનો અફસોસ વ્યક્ત કરે છે અને ભવિષ્યમા આવો ગુન્હો નહી કરે તેની ખાતરી આપે છે.

૪) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા અને ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતે ૨૦૦૫(૫) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર, ના ચુકાદામા એવો સિંધ્ધાત પ્રસ્થાપીત કરેલ છે કે, જો પુરાવા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતો ધ્યાનમા લઇને, નીચેની અદાલતમા કાયદાની જોગવાઇ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદર ચુકાદાના પેજ નં.૭૨૧ ઉપર પેરા નં.૨૧ મા જે કારણો બતાવેલા છે અને ધ્યાને લેતા, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને, લાગુ તથા મદદરૂપ થતા હોય તેમ અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી સબબ કામે સજા અંગે ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–::<u>આ ખ રી હુ ક મ</u> ::–**

૧) આરોપી ગીતાબેન ગણેશભાાઇ પરમારને બી.એન.એસ.એસ ની કલમ ૨૭૫ અન્વયે, Gujarat Prohibition Act, 1949 ની કલમ 65 (A) (A) મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવવામા આવે છે.

૨) આ કામના આરોપીને કોર્ટે ઉઠે ત્યાં સુધીની સાદી કેદની સજા તથા આરોપીએ કુલ રૂ.100 /-(અંકે રૂપીયા સો પુરા) દંડ ભરવો અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન ૦૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામા આવે છે.

૩) સદર કામે કબ્જે કરવામા આવેલ મુદ્ધામાલ કેફી પદાર્થ અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામા આવે છે તેમજ અન્ય મુદામાલ અન્વયે કોઈ વચગાળા નો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવશે અને જો હુકમ કરવામાં ન આવેલ હોય તો મુદામાલ માલિકી ની ખરાઈ કરી પરત કરવાનો રહેશે.

આ હુકમ આજ તા. ૧૧ મી જુલાઇ -૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૭/૨૦૨૬
ભાવનગર.

**( કૃષ્ણકાંત ગોવિંદભાઇ પટેલ )**
આઠમાં એડી.ચીફ. જયુડી.મેજીસ્ટ્રેટ,ભાવનગર
કોડ નં. જી.જે. ૦૧૨૮૫

**ILIYAS**